Media Release

ત્વરિત જાહેરાત માટે

**બાગકામની વસંત એટલે સિડી સેટરડે, તો ઝંપલાવવા તૈયાર થઈ જાઓ**

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (24 ફેબ્રુઆરી 2023) – બ્રૅમ્પટન હોર્ટિકલ્ચરલ સોસાયટીના સહયોગમાં સિટી ઓફ બ્રૅમ્પટન સમાજને ફરીથી આ માર્ચ માસમાં રૂબરૂ આવકારે છે સિડી સેટરડે ને.

દર વર્ષે સિડી સેટરડેનો પ્રારંભ વસંતની બાગકામ ઋતુમાં થાય છે. આ નિઃશુલ્ક પરિવાર માટે મૈત્રિપૂર્ણ પ્રસંગ રહેવાસીઓને એવું સ્થળ રજૂ કરે છે જ્યાં તેઓ બાગકામ અને બાગાયતી વિશે જાણકારી મેળવી શકશે, બિયારણનો વિનિમય કરી શકશે અને વિશેષજ્ઞોના વક્તવ્યો સાંભળી શકશે. દરેક બાગકામ રસિકો, નવા હોય કે અનુભવી, બધાનું સ્વાગત છે. બાળકોનું પ્રોગ્રામિંગ પણ ઉપલબ્ધ છે.

આ વર્ષના વક્તાઓનું લાઇન અપ આ પ્રમાણે છે:

- ટૉક ડર્ટી પર શૉં જેમ્સ (Sean James): સોઇલ એન્ડ દ થિંગ્સ લિવિંગ ઈન ઈટ
- ગાર્ડન્સ ફોર પોલિનેટિંગ ઈન્સેક્ટ્સ પર લોરેઈન જૉહ્નસન ફ્રેન્ડ નોટ ફોઝ (Friend not Foes)
- ગ્રોઈંગ પ્લાંટ્સ ફ્રોમ સીડ્સ પર કેન બ્રાઉન
- ગ્રેટ ટિપ્સ ઓન ગ્રોઈંગ ગ્રેટ વેજીટેબલ્સ પર જેમ્સ ગ્રેહમ

સેંચુરી ગાર્ડન્સ રિક્રિએશન સેંટર ખાતે આ વક્તાઓ તેમ જ બીજા અનેક વેન્ડરો સાથે જોડાઓ.

**તારીખ સાચવો**

સિડી સેટરડે
માર્ચ 11, સવારે 10 - બપોરે 3
સેંચુરી ગાર્ડન્સ રિક્રિએશન સેંટર (Century Gardens Recreation Centre)
340 Vodden St E
Brampton, ON
L6V 2N2

વધુ વિગતો માટે અહીં મુલાકાત લો www.brampton.ca/seedysaturday.

**સુવાક્યો**

“આમાં ફક્ત બાગકામ જ નહીં બીજું ઘણું છે. આનું મૂળ પ્રયોજન છે એક વધુ હરિત વધુ જોડાયેલ સમાજ નિર્માણ કરવો જે ટકી રહે. બાગકામ કેટલાયે લોકો માટે પોતાની ભાવનાઓને વાચા આપવાનો માર્ગ છે અને અમને આશા છે કે તમને સિડી સેટરડેમાં જરૂર મળીશું, તે નહીં જોતા કે તમે શરૂઆત જ કરી છે કે નવો પાક લેવાની તૈયારી કરી રહ્યા છો.

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"અમે વધુ ઉત્સાહિત એટલે છીએ કે આ વર્ષે આપણે ફરી એક રૂબરૂ મળી શકાય એવો પ્રસંગ હાથ ધરી રહ્યા છીએ, જ્યાં હરિત જીવન જીવવાના પાઠ ભણીશું, બાગકામથી થતા આરોગ્યના લાભ જાણીશું તેમજ ખોરાકી સંરક્ષણ વિશે જાણકારી મેળવીશું. બધા માટે કંઈકને કંઈક હોય તેવા આ સિડી સેટરડેનો પ્રસંગ એક લોકપ્રિય ઈવેન્ટ છે જેની પાછળ એક સફળ દસકાનો ઈતિહાસ છે."

***- રોવેના પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ,*** *રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 અને 5, સીટી ઓફ બ્રૅમ્પટન*

બ્રૅમ્પટન એક લીલુંછમ શહેર છે અને રોજ અમે એવી પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જે અમારા લક્ષ્યોને સમર્થન આપતી હોય. આપણા સમાજના આરોગ્ય, ટકાઉપણું, અને સુખાકારીની વાત આવે ત્યારે નાની નાની આદતો અને પરિયોજનાઓ સાકાર કરવા માટેના માર્ગ આ સિડી સેટરડે ખોલી દેશે કારણકે તે માર્ગ જ એક મોટું પરિવર્તન આણી શકશે.

*- માર્લન કલિડીન, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca